Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
durashine JSW Colouron+
• ટાટા Durashine તથા Infinia કલરકોટેડ પતરા
• ટાટાના ગેલ્વેનાઇઝ પતરા
• JSW મોરછાપ Colouron+ પતરા
• JINDAL સબરંગ તથા અન્ય
• TATA / ASIAN / APOLLO MS તથા GI પાઇપ
• સીમેન્ટ/પ્લાસ્ટીકના પતરા, સ્ક્રુ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ વૈશાખ સુદ બીજ, મંગળવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૪૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# સ્પેન-પોર્ટુગલમાં વીજળી ડૂલ, જનજીવન ઠપ્પ

**વીજ** કંપનીએ કહ્યું વીજળી પુન:સ્થાપિત થવામાં 6થી 10 કલાક લાગશે

**સાયબર** હુમલાને કારણે વીજળી બંધ થઈ હોવાના સંકેત નથી

**મેડ્રિડમાં** સ્પેનની સંસદ બંધ કરવામાં આવી, તાત્કાલિક કારણ જાણી શકાયું ન હતું

**બાર્સિલોના, તા. 28 (AP):** સ્પેન અને પોર્ટુગલના મોટાભાગના વિસ્તારોમાં સોમવારે વીજળી જવાના કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું હતું, અને વિસ્તારમાં રહેતા 50 મિલિયન લોકો માટે સબવે અને રેલ્વે ટ્રેનો ઠપ્પ થઈ ગઈ ફોન સેવા બંધ થઈ ગઈ, ટ્રાફિક લાઈટ અને એટીએમ મશીનો બંધ થઈ ગયા હતા.

સ્પેનિશ પાવર ડિસ્ટ્રિબ્યુટર રેડ ઈલેક્ટ્રિકાએ જણાવ્યું હતું કે દેશ અને પાડોશી પોર્ટુગલમાં સંપૂર્ણપણે વીજળી પુન:સ્થાપિત કરવામાં 6-10 કલાક લાગી શકે છે. બપોરના મધ્ય સુધીમાં ઈબેરિયન દ્વીપકલ્પના ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમમાં વીજ પ્રવાહ ધીમે ધીમે પુન:સ્થાપિત થઈ રહ્યો હતો.

કંપનીએ વિશાળ બ્લેકઆઉટના કારણો અંગે અનુમાન કરવાનો



ઈનકાર કર્યો હતો. પોર્ટુગીઝ નેશનલ સાયબર સિક્યુરિટી સેન્ટરે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે સાયબર હુમલાને કારણે વીજળી બંધ થઈ હોવાના કોઈ સંકેત નથી.

કંપનીએ બ્લેકઆઉટના કારણો અંગે અંદાજ લગાવવાનો ઈનકાર કર્યો હતો. પોર્ટુગીઝ નેશનલ સાયબર

...અનુસંધાન પાના 15 પર



## એરપોર્ટ અને ટ્રેન સેવા ઠપ્પ થતા મુસાફરોને હાલાકી

સ્પેનના એરપોર્ટ બેકઅપ ઇલેક્ટ્રિકલ સિસ્ટમ પર કાર્યરત હતા અને કેટલીક ફ્લાઇટ્સ મોડી પડી હતી. લિસ્બનમાં, ટર્મિનલ બંધ હતા અને મુસાફરોના ટોળા બહાર તેમની ફ્લાઇટ્સ વિશે સમાચારની રાહ જોતા બેઠા હતા. બંને દેશોમાં ટ્રેન સેવાઓ ઠપ્પ થઈ ગઈ. એક વીડિયોમાં મેડ્રિડમાં મેટ્રો સ્ટેશનો ખાલી કરાવતા લોકો અને બાર્સેલોનામાં ટ્રેનો બંધ હોય તેવા ખાલી સ્ટેશનો દર્શાવવામાં આવ્યા હતા.

## આ એક અભૂતપૂર્વ ઘટના

બંને દેશોની સંયુક્ત વસ્તી 50 મિલિયનથી વધુ લોકો છે. જો કે કેટલા લોકો પ્રભાવિત થયા તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી. ઇબેરિયન દ્વીપકલ્પમાં આટલી વ્યાપક રીતે વીજળી જાય તે જવલ્લે જ જોવા મળે છે.

## લોકોને ફોન અને ઈન્ટરનેટ નેટવર્ક ન મળ્યું

લોકોને ચિંતા એ હતી કે કઈ ફોન કંપનીઓ પાસે હજુ પણ સ્પોટ કવરેજ છે, અથવા ઇન્ટરનેટ એક્સેસ ક્યાં મળી શકે છે. બીજી ચિંતા એ હતી કે ઘરે કેવી રીતે પહોંચવુ કારણ કે મેટ્રો ટ્રેન બંધ હતી અને જાહેર બસો ભરેલી આવતી હતી. કેટલાક લોકોએ ફોન કનેક્ટિવિટી અને પરિવહનના અભાવનો લાભ લઈને રેસ્ટોરન્ટના ટેરેસ પર સૂર્યપ્રકાશનો આનંદ માણ્યો.

## લોકોએ ચાર રસ્તાઓ પર ટ્રાફિકનું સંચાલન કર્યું

સ્પેન અને પોર્ટુગલમાં વીજળી જવાની અસર પડી હતી, જેમાં તેમની રાજધાની મેડ્રિડ અને લિસ્બન સામેલ છે. ઓફિસો બંધ થઈ ગઈ હતી અને ટ્રાફિક લાઇટ કામ કરવાનું બંધ કરી દેતાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. કેટલાક મોબાઇલ ફોન નેટવર્ક પર ફોન કરવાનું શક્ય ન હતું, જો કે કેટલીક એપ્લિકેશનો કામ કરી રહી હતી. બાર્સેલોનામાં, રહેવાસીઓ બેટરીથી ચાલતા રેડિયો શોધવા માટે દુકાનોમાં ગયા હતા જ્યારે શહેરમાંથી પસાર થતા ગ્રાન વાયા એવન્યુ સાથેના ચાર રસ્તાઓ પર નાગરિકો ટ્રાફિકનું નિર્દેશન કરતા જોવ મળ્યા હતા.

## સ્પેન અને પોર્ટુગલમાં વડા પ્રધાનોએ કટોકટીની બેઠક બોલાવી

સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે સ્પેનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની એક અસાધારણ બેઠક બોલાવી હતી અને ગ્રીડ કામગીરી પુન:સ્થાપિત કરવાના પ્રયાસોને જાણવા માટે રેડ ઇલેક્ટ્રિકાની મુલાકાત લીધી હતી. પોર્ટુગીઝ વડા પ્રધાન લુઇસ મોન્ટેનેગ્રોએ જણાવ્યું હતું કે તેમણે સાંચેઝ સાથે ઘણી વખત વાત કરી છે અને દિવસના અંત સુધીમાં વીજળી પુન:સ્થાપિત થવાની અપેક્ષા છે. પોર્ટુગીઝ કેબિનેટે વડા પ્રધાનના નિવાસસ્થાને એક કટોકટી બેઠક બોલાવી હતી.

## દિલ્હી ડાયરી

### સતત પરાજય બાદ બીએસપીએ હવે જમીન પર ઊતરવાની આવશ્યકતા

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના ખરાબ પ્રદર્શનના એક પખવાડિયા પછી પાર્ટી સુપ્રિમો માયાવતીએ પાર્ટીના કાર્યકર્તાઓને નિર્દેશ આપ્યો કે તેઓ પાર્ટીના સ્થાપક કાંશીરામને તેમના જન્મ (૧૫ માર્ચ) અને મૃત્યુ (૯ ઓક્ટોબર) પર શ્રદ્ધાંજલિ આપવા માટે નોઇડા સ્થિત રાષ્ટ્રીય દલિત પ્રેરણા સ્થળની જગ્યાએ નવી દિલ્હીમાં બહુજન પ્રેરણા કેન્દ્ર પર જાય. જોકે, બીએસપી નેતાઓનો મત છે કે, દિલ્હી સ્મારક પર પાર્ટીના કાર્યકર્તાઓ એકત્ર થવાથી કાર્યકરોની સાથેસાથે કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીના મતદારોને સારો સંદેશ જશે. અગાઉ, દિલ્હી અને પશ્ચિમ યુપી બંને એકમોના બીએસપી કાર્યકરો કાંશીરામને શ્રદ્ધાંજલિ આપવા માટે નોઇડા સ્મારકની મુલાકાત લેતા હતા. સૂત્રોએ ઉમેર્યું હતું કે, માયાવતીની નવી સૂચનાઓ હેઠળ હવે ફક્ત મેરઠ ડિવિઝનના કાર્યકર્તાઓ જ નોઇડા સ્મારકની મુલાકાત લેશે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં બસપાનો કારમો પરાજય અને ત્યાર બાદ લોકસભા, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પણ આવા જ ખરાબ પ્રદર્શને માયાવતીને વિચારવા માટે મજબૂર કરી દીધી જોઈએ. પાર્ટીએ ગાઢ નિદ્રામાંથી ઊઠવું જોઈએ અને પ્રતીકવાદ પર

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૮-૦૪-૨૦૨૫નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૨° સે. | ૨૪.૮° સે. | ૧૦% |

# નૌકાદળ માટે 26 રાફેલ વિમાન ખરીદીના સોદા પર ભારત-ફ્રાન્સે હસ્તાક્ષર કર્યા

**રૂ. 64,000** કરોડના ખર્ચે આ યુદ્ધ વિમાન ખરીદવામાં આવ્યા

**તમામ** વિમાન 2030 સુધીમાં ભારતમાં આવી જશે

**નવી દિલ્હી, તા. 28 (PTI):** ભારત અને ફ્રાન્સે લગભગ રૂ. 64,000 કરોડના ખર્ચે ભારતીય નૌકાદળ માટેના 26 રાફેલ ફાઈટર જેટ ખરીદવા માટે આંતર-સરકારી કરાર પર સોમવારે હસ્તાક્ષર કર્યા હતા.

આ કરારમાં ભારતમાં રાફેલ ફ્યુઝલેજ માટે ઉત્પાદન તેમજ વિમાન એન્જિન, સેન્સર અને શસ્ત્રો માટે જાળવણી, સમારકામ અને અન્ય તમામ સુવિધાઓ સ્થાપિત કરવાની જોગવાઈ છે, એમ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું.

આ કરાર ભારતમાં સ્વદેશી શસ્ત્રોના એકીકરણ માટે ટેકનોલોજીને ટ્રાન્સફર પણ કરાશે, જો કે આ અંગે તેમણે વિગતવાર જણાવ્યું ન હતું.

મંત્રાલયે જણાવ્યું હતું કે વિમાનની ડિલીવરી 2028થી શરૂ થશે અને 2030 સુધીમાં પૂર્ણ થશે, જ્યારે વિમાનને ઉડાવનાર ક્રૂ સભ્યો ફ્રાન્સ અને ભારતમાં ટ્રેનિંગ લઈ રહ્યા છે.

રાફેલ જેટના ઉત્પાદક દસોલ્ટ એવિએશને કહ્યું હતું કે આ નવી ખરીદી ભારત અને ફ્રાન્સ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોના મહત્વ અને વિમાનને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના આવશ્યક 'વેક્ટર' તરીકે માન્યતા આપે છે.

ભારત વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર તૈનાત કરવા માટે જેટ ખરીદી રહ્યું છે.

સોદાની હેઠળ ભારતને 22 સિંગલ સીટ રાફેલ મરીન અને 4 ટ્વીન સીટ ટ્રેનર વિમાન મળશે.

ફ્રેન્ચ સંરક્ષણ કંપની દસોલ્ટ એવિએશન દ્વારા ઉત્પાદિત, રાફેલ-મરીન એક વિમાનવાહક પર મૂકી શકાય તેવું વિમાન છે તે દરિયાઈ વાતાવરણમાં કામગીરી કરી શકે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેબિનેટ કમિટિ ઓન સિક્યુરિટી (સીસીએસ) દ્વારા ખરીદીને મંજૂરી આપ્યાના ત્રણ અઠવાડિયા પછી આ મોટા સોદા પર મહોર લાગી.

શરતો હેઠળ, કરાર પર હસ્તાક્ષર કર્યાના લગભગ પાંચ વર્ષ પછી યુદ્ધ વિમાનની ડિલિવરી શરૂ થશે.

જુલાઈ 2023માં, સંરક્ષણ મંત્રાલયે શ્રેણીબદ્ધ ચર્ચા-વિચારણા અને વિમાનના મૂલ્યાંકન પરીક્ષણો પછી મોટી ખરીદી માટે પ્રારંભિક મંજૂરી આપી હતી.

સૈન્ય મંત્રાલયે કહ્યું હતું કે રાફેલ-મરીન ભારતીય હવાઈ દળ દ્વારા ઉપયોગમાં લેવાતા રાફેલને સમાન છે.

**ચીનનું પાકિસ્તાનને તેની સાર્વભૌમત્વની રક્ષા કરવા માટે સમર્થન**

# ચીને પહલગામ હુમલાની ઝડપી અને નિષ્પક્ષ તપાસની હાકલ કરી

**પ્રવક્તાએ** ચીન તપાસમાં ભાગ લેશે કે નહીં તેનો જવાબ ન આપ્યો

**પાકિસ્તાનના** વિદેશ મંત્રી ઇશાક ડારે ફોન કરીને બીજિંગનો ટેકો માગ્યો હતો

**બીજિંગ, તા. 28 (PTI) :** ચીને સોમવારે કહ્યું હતું કે, તે ભારત અને પાકિસ્તાન વચ્ચેની વર્તમાન પરિસ્થિતિને શાંત કરવા માટેના તમામ પગલાંનું સ્વાગત કરે છે, જેમાં પહલગામ ત્રાસવાદી હુમલાની 'ઝડપી અને નિષ્પક્ષ તપાસ'નો સમાવેશ થાય છે, અને તેના સર્વકાલીન મિત્ર માટે તેની સાર્વભૌમત્વ અને સુરક્ષાનું રક્ષણ કરવા માટે તેનું સમર્થન કર્યું છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, 'ચીન વર્તમાન પરિસ્થિતિને શાંત કરવામાં મદદ કરનાર તમામ પગલાંનું સ્વાગત કરે છે અને વહેલી તકે નિષ્પક્ષ અને ન્યાયી તપાસને સમર્થન આપે છે.'

જો કે, તેમણે બીજિંગ તપાસમાં ભાગ લેશે કે કેમ તે પ્રશ્નનો સીધો જવાબ ટાળ્યો હતો. રશિયન મીડિયાના એક અહેવાલ મુજબ, પાકિસ્તાન ઈચ્છે છે કે ચીન અને રશિયા પહલગામ હુમલાની તપાસનો ભાગ બને.

તેમણે કોઈપણ તપાસની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા અંગેના બીજા પ્રશ્નને પણ ટાળ્યો હતો. કારણ કે, પાકિસ્તાન પર જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપવાના આરોપો છે.

ગુઓએ જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન બંનેના પાડોશી હોવાના નાતે ચીન આશા રાખે છે કે બંને દેશો સંયમ રાખશે અને એક જ દિશામાં કામ કરશે. સંબંધિત મતભેદોને સંવાદ અને પરામર્શ દ્વારા યોગ્ય રીતે દૂર કરશે અને સંયુક્ત રીતે પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખશે.

ભારત અને પાકિસ્તાન બંને દક્ષિણ એશિયાના મહત્ત્વપૂર્ણ દેશો છે. બંને દેશો વચ્ચે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ આ ક્ષેત્રની શાંતિ અને વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે, એમ ગુઓએ જણાવ્યું હતું.

'એક મજબૂત મિત્ર અને સર્વકાલીન વ્યૂહાત્મક સહકારી ભાગીદાર તરીકે, ચીન પાકિસ્તાનની કાયદેસર સુરક્ષા ચિંતાઓને સમજે છે અને પાકિસ્તાનને તેની સાર્વભૌમત્વ અને સુરક્ષા હિતોનું રક્ષણ કરવામાં સમર્થન આપે છે', એમ વાંગે કહ્યું હતું.

જ્યારે ચીને 23 એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા ક્રૂર ત્રાસવાદી હુમલાની સખત નિંદા કરી હતી, જેમાં 26 લોકો માર્યા ગયા હતા, ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ પર તેની પહેલી પ્રતિક્રિયા પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારે રવિવારે ચીનના ટોચના રાજદ્વારી વાંગ યીને ફોન કરીને બીજિંગનો ટેકો માંગ્યા પછી આવી હતી.

# સરકારે 16 પાકિસ્તાની યુ-ટ્યુબ ચેનલો બ્લોક કરી

**બીબીસી** દ્વારા પહલગામ હુમલાના ત્રાસવાદીઓને લડાકુ ગણાવવા બદલ ભારત સરકારે વાંધો ઉઠાવ્યો

**નવી દિલ્હી, તા. 28 (PTI):** સરકારે ભારત વિશે 'ખોટી, ઉશ્કેરણીજનક અને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ સામગ્રી' ફેલાવવાના આરોપમાં 16 પાકિસ્તાની યુટ્યુબ ચેનલોને બ્લોક કરી દીધી છે અને પહલગામ હુમલા પર બીબીસીના અહેવાલ સામે પણ સખત વાંધો ઉઠાવ્યો છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

22 એપ્રિલના રોજ કાશ્મીરના પ્રખ્યાત પર્યટન સ્થળમાં થયેલા ત્રાસવાદી હુમલામાં 26 લોકો માર્યા ગયાં હતાં, તેના પગલે ગૃહ મંત્રાલયની ભલામણોને અનુસરીને સરકારે આ પગલું ભર્યું છે. આ ઉપરાંત, વિદેશ મંત્રાલય બીબીસીના રિપોર્ટિંગ પર પણ નજર રાખશે, જેમાં ત્રાસવાદીઓને લડાકુ કહેવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

બ્લોક કરાયેલી યુટ્યુબ ચેનલોમાં ડોન ન્યૂઝ, ઈર્શાદ ભટ્ટી, સમા ટીવી, એઆરવાય ન્યૂઝ, બોલ ન્યૂઝ, રફ્તાર, ધ પાકિસ્તાન રેફરન્સ, જીઓ ન્યૂઝ, સમા સ્પોર્ટ્સ, જીએનએન, ઉઝૈર ક્રિકેટ, ઉમર ચીમા એક્સક્લુઝિવ, અસ્મા શિરાઝી,

...અનુસંધાન પાના 15 પર

# 2024માં ભારતનો સૈન્ય ખર્ચ પાકિસ્તાન કરતા નવ ગણો વધારે

**સૈન્ય** ખર્ચ કરનારા ટોચના પાંચ દેશો - અમેરિકા, ચીન, રશિયા, જર્મની અને ભારત

**નવી દિલ્હી, તા. 28 (PTI):** પહલગામ હુમલાને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે સોમવારે પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, 2024માં ભારતનો સૈન્ય ખર્ચ પાકિસ્તાનના ખર્ચ કરતા લગભગ નવ ગણો હતો.

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટે (એસઆઈપીઆરઆઈ) જણાવ્યા મુજબ, ભારતનો સૈન્ય ખર્ચ જે વૈશ્વિક સ્તરે પાંચમો સૌથી મોટો છે, તે 1.6 ટકા વધીને 86.1 બિલિયન ડોલર થયો છે જ્યારે પાકિસ્તાને 10.2 બિલિયન ડોલર ખર્ચ કર્યો હતો.

સૈન્ય ખર્ચ કરનારા ટોચના પાંચ દેશો, અમેરિકા, ચીન, રશિયા, જર્મની અને ભારત વૈશ્વિક કુલ ખર્ચના 60 ટકા હિસ્સો ધરાવે છે, જેનો સંયુક્ત ખર્ચ 1635 બિલિયન ડોલર હતો, એમ તેમાં જણાવાયું હતું.

અભ્યાસમાં નોંધાયું છે કે ચીનનો સૈન્ય ખર્ચ 7.0 ટકા વધીને 314 બિલિયન ડોલર થયો છે, ત્રણ દાયકાથી સતત તેમાં વૃદ્ધિ થઈ છે.

સામ્યવાદી દેશ એશિયા અને ઓશનિયામાં કુલ સૈન્ય ખર્ચનો 50 ટકા ખર્ચ કરે છે, તેની સૈન્યના સતત આધુનિકીકરણ અને તેની સાયબર યુદ્ધ ક્ષમતાઓ અને પરમાણુ શસ્ત્રાગારનો વિસ્તાર કરવામાં રોકાણ કરે છે, એમ 'ટ્રેન્ડ્સ ઈન વર્લ્ડ મિલિટ્રી એક્સપીન્ડીચર 2024' શીર્ષક ધરાવતા અહેવાલમાં જણાવાયું છે.

એસઆઈપીઆરઆઈએ જણાવ્યું હતું કે યુરોપમાં (રશિયા સહિત) સૈન્ય ખર્ચ 17 ટકા વધીને 693 બિલિયન ડોલર થયો છે અને તેઓ 2024માં વૈશ્વિક વધારામાં મુખ્ય ફાળો આપનાર હતા.

યુક્રેનમાં ાલી રહેલા યુદ્ધને ત્રણ વર્ષ થઈ ગયા છે, તેની સાથે સમગ્ર

...અનુસંધાન પાના 15 પર

